ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૩/૧૮-૧૯/ 4441 તારીખ : 1 OCT 2018

પ્રતિ,

શ્રી રમેશકુમાર જી. મહેતા,

આમ્રપાલી એપાર્ટમેન્ટ, બ્લોક નં ૨,

ગાંધી બાગ પાસે, મહુવા,

તા : મહુવા જી. ભાવનગર.

મો : ૯૪૨૯૯૬૩૧૯૨.

કેસ ન. ૬૩/૧૮-૧૯.

**વિષય** : અમારા ખેતીવાડી વીજ કનેક્શનની જગ્યા માંથી બીજાને ૨ ફેઝ લાઈન આપવા બાબત.

**સંદર્ભ** : આપનો પત્ર તા : ૧૮.૦૬.૧૮.

(૧) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૧૮–૧૯/૨૫૫૪ તા.૧૧.૦૬.૧૮.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૧૮–૧૯/૩૯૬૮ તા.૨૭.૦૬.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૫/૦૯/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )

કન્વીનર,

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

વિભાગીય કચેરી, મહુવા.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.

૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, આર-૨ મહુવા.

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર -૬૩/૧૮-૧૯ ☜

વાદી :- શ્રી રમેશકુમાર જી. મહેતા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ- ૧૫/૦૯/૨૦૧૮ ◈

હાજર રહયા :- શ્રી રમેશકુમાર જી. મહેતા - પોતે.

પ્રતિવાદી :- શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રમેશકુમાર જી. મહેતા, મુ.દયાળ, તા.મહુવા જી.ભાવનગર ની પોતાની વીજ લાઈનમાંથી બીજાને ૨ ફેઝ લાઈન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૩ / ૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૬૩/ ૧૮-૧૯/ ૨૮૬૧ તા.૨૭.૦૬.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ**- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ સદર અરજદાર રમેશભાઈ જી મહેતા મહુવા શહેરમાં આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બ્લોક ન.૨ ,ગાંધીબાગ પાસે રહિયે છીયે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ અમો અરજદાર રમેશભાઈ જી મહેતા મહુવા તાલુકાના દયાળ ગામના ખેડૂત ખાતેદાર છીએ અને દયાળ ગામે તલાવિયાની વાડી તરીકે ઓળખાતી રે.સર્વે નંબર ૨૧૯/૧ પૈકી ૧ તથા ૨૧૯/૧ પૈકી ૩ ની જમીન ધારણ કરીએ છીએ.આ જમીનમાં જવાનો રસ્તો મહુવા-ઉંચા કોટડા તરફ ડામર રોડ ઉપરથી દયાળ ગામેથી દક્ષીણ તરફથી જવાય છે તે અમારો કાયદેસરનો હયાતી રસ્તો છે જે રસ્તો સરકારી ગૌચર નો છે.લગભગ ૩૦ થી ૩૫ વીઘાનો છે હાલમાં આ ગૌચરનું દબાણ કરેલ છે અને બંને બાજુ મકાનો બનાવેલ તો આ રસ્તામાં ખુબજ દબાણ કરેલ છે જે અમોને ૧૦૦ ફૂટનો રસ્તો અમારો રહે તેમ કરવા અમો દ્વારા દયાળ ગ્રામ પંચાયત તલાટીકમ મંત્રી ને અને દયાળ ગામ સરપંચ શ્રીને તા:૨૫.૨.૨૦૧૮ ના રોજ અરજી કરેલ છે.

૧.૩ પી.જી.વી.સી.એલ.દ્વારા ઉપરોક્ત જે દબાણ વાળો રસ્તો છે તેમાં અમારીજ વાડીમાંથી અમોને કોઈપણ જાતની જાણ કર્યા વગર અમારી વાડીની થ્રી ફેજ લાઈન માંથી લાઈન લઈને આવું દબાણ કરનાર મકાનોને ટુ ફેજ લાઈનો ઉભી કરીને આપેલ છે જે મોટુંષડયંત્ર કાવતરું કરેલ છે અને અમારો આ રસ્તો બંધ કરવાનો હોય તેમ લાગે છે.

૧.૪ PGVCL ના અધિકારીઓ દ્વારા અમારી વાડીયે તપાસ કરવા આવેલ તો અમો દ્વારા તેમને રજૂઆત કરેલ કે જેને કનેક્શન આપેલ તેનીજ વાડીમાંથી જો લાઇન લેવામાં આવે તો કોઈ પ્રશ્ન ન રહે પરંતુ અધિકારી દ્વારા જણાવેલ કે જો તમારે લાઇન નડતરરૂપ ન થાય તે રીતે લેવી હોય તો તમારે લાઈન શીફ્ટીંગનં અંદાજપત્રક ભરવું પડે તો અમારી વાડીમાં અમોને જાણ વગર લાઈન ઉભી કરેલ તેના માટે અમો અંદાજપત્રક કેવી રીતે ભરપાઈ કરીએ.

૧.૫ પીજીવીસીએલ દ્વારા અમોને જણાવેલ કે તમો સીમતળનો નકશો રજુ કરો તો અમારા દ્વારા તે પણ રજુ કરેલ છે તેમ છતાં આજદિન સુધી અમોને કોઈ જવાબ મળેલ નથી.

૧.૬ અમારી વાડીમાં બીજા પણ થાંભલા આવેલ છે તે દુર કરવા અમોએ જણાવેલ છે તે પણ દુર કરવામાં આવેલ નથી.

૧.૭ તો આપ સાહેબને વિનંતી છે કે અમારી સ્થળ તપાસ કરાવી અમોને ન્યાય મળે તેમ કરાવવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત:– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ સદરઅરજદાર રમેશભાઈ જી મહેતા મહુવા શહેરમાં આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બ્લોક ન.૨ ,ગાંધીબાગ પાસે રહે છે.

૨.૨ સદર અરજદાર રમેશભાઈ જી મહેતા મહુવા તાલુકાના દયાળ ગામના ખેડૂત ખાતેદાર છે અને દયાળ ગામે તલાવિયાની વાડી તરીકે ઓળખાતી રે.સર્વે નંબર ૨૧૯/૧ પૈકી ૧ તથા ૨૧૯/૧ પૈકી ૩ ની જમીન ધારણ કરે છે.

૨.૩ સદર અરજદારની રજૂઆત મુજબ તેઓ જણાવે છે કે ઉપરોક્ત સર્વે નંબર વાળી તેમની જમીનનો રસ્તો દયાળ ગામેથી થઈને દક્ષિણ દિશા તરફ આવેલ છે અને તે ગૌચરની જમીન છે તે જમીનમાંથી ઉપરોક્ત સર્વે નંબર વાળી તેમની જમીન માં જવાય છે તેવું તેઓ જણાવે છે જે રસ્તાની ગૌચર જમીન માં દબાણ કરી અન્ય લોકો દ્વારા મકાન બનાવેલ છે તેવું તેઓ જણાવે છે.

૨.૪ તેમની પીજીવીસીએલ ઓફીસ માં એવી રજૂઆત મુજબ તેમના દ્વારા મહુવા ગ્રામ્ય-૨ પેટાવિભાગીય કચેરીમાં તા:૫.૪.૨૦૧૮ ના રોજ અરજી કરેલ છે. તેના અનુસંધાને મહુવા ગ્રામ્ય-૨ કચેરીના જુનીયર ઈજનેર જે.એચ.ચુડાસમા દ્વારા અરજદારની રૂબરૂમાં તા:૨.૬.૨૦૧૮ ના રોજ સ્થળ તપાસ કરેલ છે અને સાઈટ રોજકામ કરેલ છે અને સર્વે કરી તેનો નકશો બનાવેલ છે સદર રોજકામમાં દર્શાવ્યા મુજબ સદર ફરિયાદીની વાડીમાં આવેલ ૧૧ કે.વી.લાઇન ઘણી જૂની છે અને પોલ પર દર્શાવેલ તારીખ છે તે વર્ષ ૧૯૭૮ ની છે જેનાથી ફલિત થાય છે કે સદર ૧૧ કે.વી.લાઇન ઘણી જૂની છે.

૨.૫ સદર અરજદાર સ્થળ પર એવું જણાવે છે કે મને બે ફેજ વાળી જે લાઇન ઘરવપરાશના કનેકશનો આપવા માટે ઉભી કરેલ છે તે તેમનો સરકારી પડતર જમીનમાં જે રસ્તો હોઈ તેમાં નડતરરૂપ થતી હોય તેથી તે ફેરવી આપવી અને સામે રાઘવભાઈ ચીથરભાઈ નું જે ટી.સી.આવેલ છે તેમાંથી તે ઘરવપરાશના અરજદાર વલકુભાઈ ને કનેક્શન આપી શકાય તેમ છે.

Consumer Grievances Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૨.૬ સદર અરજદારની જણાવ્યા મુજબની ટુ ફેજ લાઈન હાલમાં જે હયાત છે તે સરકારી પડતર જમીનમાં ઉભેલ છે.અરજદારની પોતાની માલિકીમાં નથી.

૨.૭ સદર અરજદારની રજૂઆત અનુસંધાને જો વલકુભાઈ ગભાભાઈ બાટીયાનું ઘરવપરાશનું લાઈટીંગ કનેક્શન રાઘવભાઈ ચીથરભાઈ ના ટી.સી.માંથી લેવાનું થાય તો ૧૧૦ મિટર એલ.ટી.લાઈન ઉભી કરવી પડે અને અરજદારના જણાવ્યા મુજબ તેમની વાડીની એન્ટ્રી માં જે ટુ ફેજ ૧૧ કે.વી.લાઈન નડતરરૂપ છે તે જો શીફ્ટ કરવી હોય તો તે વ્રજલાલ હીરજી ના ટી.સી.માંથી ટેપિંગ લઇ ૫૦ મીટર ની લાઈન ઉભી કરવી પડે આમ અરજદાર ને બંને એલ.ટી. તેમજ ૧૧ કે.વી.લાઈન શીફ્ટ કરવાનું સર્વે તા:૨.૬.૨૦૧૮ ના રોજ તેમની હાજરી માં પૂર્ણ કરેલ છે.

૨.૮ સદર અરજદારની અરજીમાં તેઓ જણાવે છે કે વલકુભાઈ ગભાભાઈ બાટીયા તેમજ અન્ય ૪ લોકો ને ખોટી રીતે ઘરવપરાશના વીજકનેકશનો આપવામાં આવેલ છે તે બાબતે જણાવવાનું કે સદર અરજદારોને તેમના દ્વારા જરૂરી આધારપુરાવા રજુ કર્યાબાદ અંદાજપત્ર ભરપાઈ કરી તેમને કંપનીના નિયમાનુસાર ઘરવપરાશના વીજકનેકશનો આપવામાં આવેલ છે.

૨.૯ ઉપરોક્ત બાબત પરથી અરજદારને જણાવેલ છે કે જો આપને સદર આપની નડતરરૂપ લાઈન ફેરવવી હોય તો સર્વે મુજબ જે અંદાજપત્ર આપને પાઠવવામાં આવશે તે ભરપાઈ કરવાનું રહેશે. તેના અનુસંધાને મહુવા ગ્રામ્ય-૨ કચેરી દ્વારા સદર અરજદારને જાવક નંબર ૩૮૬૨ થી તા:૧૩.૬.૨૦૧૮ ના રોજ રૂ.૩૬,૪૧૯ નું અંદાજપત્રક પાઠવેલ છે જે અરજદાર દ્વારા આજદિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.જેથી તેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાયેલ નથી.

3.0 સેફ્ટી રેગ્યુલેશન (CEA) ૨૦૧૦ ના સેક્શન નંબર ૬૩(૧) મુજબ જો અરજદારને કોઈપણ પ્રકારની નડતરરૂપ લાઈન શીફ્ટ કરાવવી હોય તો સર્વે કર્યા મુજબનું અંદાજપત્ર તેમના દ્વારા દિવસ 30 માં ભરપાઈ કરવું જોઈએ તેવું દર્શાવેલ છે સદર કેસમાં સદર અરજદાર દ્વારા સર્વે મુજબનું જરૂરી અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.૧ વાદી રમેશભાઈ જી. મહેતા ગામ દયાળમાં સર્વે નં ૨૧૯/૧ પેકી તથા ૨૧૯/૩ ની જમીન ધરાવે છે

3.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે અમારી માલિકીની જમીનમાં જવાનો ગોચર વાળા રસ્તામાં પ્રતીવાદીની કચેરાએ થાંભલા ઉભા કરી અને ઘર વપરાશના વીજ જોડાણ આપેલ છે, તેમજ અમારી માલિકીની જમીનમાં ઉભી કરેલ લાઈનમાંથી સિંગલ ફેઝ ટ્રાન્સફોર્મર ઉભું કરવા માટેની લાઈનનું ટેપિંગ કરેલ છે. તેથી તે લાઈન અમોને નડતરરૂપ છે. આ લાઈન બાજુના પોલ ઉપરથી ટેપિંગ કરવામાં આવે તો અમોને નડતરરૂપ થાય નહિ તેવી તેમની રૂબરૂ રજૂઆત છે.

3.3 વાદીએ રજુ કરેલ રસ્તામાં દબાણ તેમજ બીજા તે સમયે બનાવેલ મકાન અને ગોચરની જમીન અંગે પ્રાંત અધિકારીને ફરિયાદ કરેલ છે જે બાબતે ફોરમે કશું કરવાનું રહેતું નથી.

3.૪ પ્રતિવાદીએ ઘર વપરાશના વીજ જોડાણ માટે સિંગલ ફેઝ ટ્રાન્સફોર્મરમાંથી જાહેર રસ્તા પર થાંભલા ઉભા કરી કુલ ૫ ઘર વપરાશના વીજ જોડાણ આપેલ. આ ઉભી કરેલ લાઈન જાહેર રસ્તા કે પડતર જમીનમાં ઉભી કરેલ હોઈ તેમજ તે વાદીને કોઇ નડતરરૂપ ન હોઈ પ્રતિવાદી એ કરેલ કામ યોગ્ય જણાય છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

૩.૫ વાદીની માલિકીની જમીનમાંથી જે લાઈન ટેપિંગ કરવામાં આવેલ છે, તે બાજુના થાંભલા પરથી ટેપિંગ આપી અને શીફ્ટ કરી શકાય તેમ છે તો પ્રતિવાદીએ નકશામાં બતાવેલ ૨ ફેઝ લાઈન કે જે વાદીને તેની જમીનમાં નડતરરુપ છે તે ફેરવી આપવી.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. "૩.૪ અને ૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :-૧૫/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar